# તા. ૧૮/૦૮/૨૦૧૩ના રોજ લેવાયેલ HTAT-2013 પરીક્ષાનું આખરી જવાબ પત્ર (ફાઈનલ આન્સર કી)

## વિભાગ - 1

1. ITBPF નું પુરું નામ કયું ?
   જવાબ : ઈન્ડો તિબેટન બોર્ડર પોલિસ ફોર્સ
2. નીચેના ચાર ધામોને પૂર્વથી પશ્ચિમની દિશામાં ક્રમશઃ ગોઠવો.
   (1) કેદારનાથ (2) બદ્રિનાથ (3) ગંગોત્રી (4) યમનોત્રી
   જવાબ : 2 - 1 - 3 - 4
3. "અધોગતિનું મૂળ : વર્ણવ્યવસ્થા" તથા "શિવાજીની શૌર્યગાથા" પુસ્તકોના સર્જક કોણ છે ?
   જવાબ : સ્વામી સચ્ચિદાનંદ
4. નીચે પૈકી કઈ ક્રિયા માટે ઈન્ટરનેટ કનેક્શનની જરૂરીયાત રહેતી નથી ?
   જવાબ : SMS
5. પૂર અન્વયે જન સમુદાયને પુર આવ્યા પહેલાં તકેદારી માટે કઈ બાબત સુસંગત નથી ?
   જવાબ : જો તરતા ના આવડતું હોય તો પણ પાણીમાં જઈ લોકોને-પશુઓને બચાવવા.
6. ઈન્સ્યૂલિન શું છે ?
   જવાબ : હોર્મોન
7. યુનો દ્વારા વર્ષ 2013 ને આંતરરાષ્ટ્રીય ક્વિનોઆ વર્ષ તરીકે ઉજવવામાં આવી રહ્યું છે, ક્વિનોઆ શું છે ?
   જવાબ : એક અનાજ
8. નર્મદા અને તાપી નદી દ્વારા કયો પર્વત ઘેરાયેલો છે ?
   જવાબ : સાતપુડા
9. બોલેલા શબ્દોને ટાઈપમાં લખવાના યંત્રને શું કહે છે ?
   જવાબ : ડિક્ટાફોન
10. નર્મદા સરદાર સરોવર બંધ પાસે મૂકાવનાર સરદાર પટેલના સ્ટેચ્યુનું સિમ્બોલિક નામ શું છે ?
    જવાબ : સ્ટેચ્યુ ઓફ યુનિટિ
11. પુરી કયા રાજ્યનું પ્રસિદ્ધ તીર્થ છે ?
    જવાબ : ઓરિસ્સા
12. નીચેનામાંથી કઈ નીતિ વર્ષ 2013 માં જાહેરાત કરી છે ?
    જવાબ : રાષ્ટ્રીય બાલ નીતિ 2013
13. મિસ ઈન્ડિયા - 2013 નો ખિતાબ જીતનાર નવનીત કૌર કયા રાજ્યની છે ?
    જવાબ : હરિયાણા તથા પંજાબ બંને જવાબ માન્ય છે.
14. લીલાવતી ગ્રંથ શેની સાથે સંકળાયેલ છે ?
    જવાબ : ગણિત
15. ફ્લેમિંગો પક્ષીને ગુજરાતમાં કયા નામે ઓળખવામાં આવે છે ?
    જવાબ : સુરખાબ
16. ટાઈટેનિક જહાજ કયા મહાસાગરમાં ડૂબ્યું હતું ?
    જવાબ : એટલાન્ટિક મહાસાગર

17. ભારતના મુખ્ય ચૂંટણી કમીશ્નર કોણ છે ?

જવાબ : વી. એસ. સંપત

18. વિશ્વમાં પ્રથમ મહિલા વડાપ્રધાન કોણ બન્યા હતા ?

જવાબ : સિરીમાઓ ભંડારનાઈકે

19. દેશના ખૂણે-ખૂણામાં ચલાવાત સ્વચ્છતા આંદોલન 'નિર્મળ ભારત' યોજનાના બ્રાન્ડ એમ્બેસેડર તરીકે કઈ અભિનેત્રીને નિયુક્ત કરવામાં આવી છે ?

જવાબ : વિદ્યાબાલન

20. ગુજરાતી માધ્યમની પ્રાથમિક શાળામાં સંસ્કૃત શિક્ષણની શરૂઆત કયા ધોરણથી થાય છે ?

જવાબ : ધોરણ - 6

21. ધોરણ - 6 થી 8 નાં અંગ્રેજી પાઠ્યપુસ્તકોનું નિર્માણ કઈ સંસ્થા કરે છે ?

જવાબ : ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ.

22. આઈ.આઈ.ટી.ઈ.નું પૂરું નામ શું છે ?

જવાબ : ઈન્ડિયન ઈન્સ્ટીટ્યુટ ઓફ ટીચર એજ્યુકેશન. તથા ઈન્ડિયન ઈન્સ્ટીટ્યુટ ઓફ ટેકનીકલ એજ્યુકેશન. બંને જવાબ માન્ય છે.

23. ઘરશાળા સંસ્થા - ભાવનગર સાથે કયા કેળવણીકારનું નામ સંકળાયેલું છે ?

જવાબ : હરભાઈ ત્રિવેદી

24. ભારતના છેલ્લા ભારતીય ગવર્નર જનરલ કોણ હતા ?

જવાબ : ચક્રવર્તી રાજગોપાલાચારી

25. ભારતનો સૌથી લાંબો ધોરી માર્ગ કયો છે ?

જવાબ : ધોરીમાર્ગ 7 : વારાણસીથી કન્યાકુમારી

26. રાજ્ય પરીક્ષા બોર્ડ નીચે પૈકી કઈ પરીક્ષાનું આયોજન કરતું નથી ?

જવાબ : પ્રખરતા શોધ પરીક્ષા

27. નીચે પૈકી કયો હોદ્દો શિક્ષણ વિભાગમાં અસ્તિત્વ ધરાવતો નથી ?

જવાબ : સચિવ, માધ્યમિક શિક્ષણ

28. RIMC (રાષ્ટ્રીય ઈન્ડિયન મીલીટરી કૉલેજ) માટે નીચે પૈકી કયું ખોટું છે ?

જવાબ : ગુજરાત રાજ્ય માટે 5 બેઠકો ફાળવેલ છે.

29. સાહસ-શૌર્ય, તબીબી અને સેવા / જાહેર સુખાકારી ક્ષેત્રે કોઈપણ પ્રકારનો બદલો કે વળતર મેળવવાની આશા રાખ્યા વિના માત્ર માનવ સમાજ સેવાના ઉદ્દેશથી નોંધપાત્ર કામગીરી કરી વિશિષ્ટ સિદ્ધિ હાંસલ કરી હોય તેવા વ્યક્તિને ઍવોર્ડ માટે અરજી ફોર્મ જિલ્લાની કઈ કચેરીએથી પ્રાપ્ત થાય છે ?

જવાબ : જિલ્લા રમત ગમત અધિકારીશ્રીની કચેરી

30. NTSE અને NMMS ની રાષ્ટ્રીય સ્કોલરશીપ પરીક્ષામાં બેસવા માટે વિદ્યાર્થી કયા ધોરણમાં અભ્યાસ કરતો હોવો જોઈએ ?

જવાબ : NTSE માટે ધો. - 10, NMMS માટે ધો. - 8

31. ગુજરાત સરકારે પ્રાથમિક શિક્ષણની ગુણવત્તા તથા વહીવટને સુચારૂ બનાવવા તાજેતરમાં કયો ઉત્તમ નિર્ણય જાહેર કર્યો છે ?

જવાબ : તાલુકા કક્ષાએ તાલુકા કેળવણી નિરીક્ષકની જગ્યા હવે તાલુકા શિક્ષણાધિકારી વર્ગ - 2 ની થશે.

32. પ્રાથમિક શાળાઓમાં વિદ્યાસહાયકોની ભરતી કરવા કેન્દ્રીયકૃત પસંદગી સમિતિમાં કોનો સમાવેશ થતો નથી ?

જવાબ : જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી

33. RTE ની કઈ કલમ બાળકોને શારીરિક સજા કરવાની મનાઈ ફરમાવે છે ?

જવાબ : કલમ 17

34. ડેટમ ગ્રાન્ટ એટલે ?

જવાબ : રોજબરોજના કન્ટીજન્સી ગ્રાન્ટ

35. વાચનશિક્ષણ પ્રવેશની કઈ પદ્ધતિ વિશેષ લાભદાયી છે ?

જવાબ : શબ્દ પદ્ધતિ

36. RTE એક્ટ 2009 મુજબ શિક્ષક માટે અઠવાડિયા દીઠ કામકાજના ઓછામાં ઓછા (તૈયારી સહિતના) કેટલા કલાક નિયત થયેલ છે ?

જવાબ : 45

37. ગુજરાતના શૈક્ષણિક રીતે પછાત વિસ્તારોમાં કન્યા શિક્ષણને ઉત્તેજના આપવા માટે નીચે પૈકી કયો કાર્યક્રમ અમલમાં છે ?

જવાબ : એન.પી.ઈ.જી.ઈ.એલ.

38. શિક્ષક સમર્થન જૂથ, પીઅર લર્નિંગ, માઈલ સ્ટોન, સ્વ અધ્યયન જૂથ આ નીચે પૈકી કયા કાર્યક્રમને લાગુ પડે છે ?

જવાબ : પ્રજ્ઞા પ્રોજેક્ટ

39. RTE (રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ -2009) સંદર્ભે નીચે પૈકી શું સાચુ છે ?

જવાબ : કુલ પ્રકરણ 7, કલમો -38

40. "હું કંઈ દારિદ્રયનું સ્તોત્ર ગાવા માગતો નથી, પણ વૈભવના ઠઠારા કરતાં સાદાઈનું મૂલ્ય વધારે છે." - આ વિધાન કોનું છે ?

જવાબ : રવિન્દ્રનાથ ટાગોર

41. "ગુજરાત રાજ્યમાં શાળાઓમાં કાર્યરત શિક્ષક/શિક્ષિકાઓ તથા સંચાલકો દ્વારા અત્યાર સુધી થયેલા નવાચારો/ઈનોવેશનનું દસ્તાવેજીકરણ કરીને સંગ્રહ તૈયાર કરવો, પ્રમાણિત કરવો." - આ કામ થયેલ કરાર મુજબ કઈ સંસ્થા કરે છે ?

જવાબ : RJMCEI - IIMA

42. તિજોરી કચેરી (ટ્રેઝરી ઓફિસ) અને ઉપાડ અધિકારી વચ્ચેની નાણાકીય કામગીરીની ઓનલાઈન સિસ્ટમ કઈ છે ?

જવાબ : IFMS

43. પ્રજ્ઞા પ્રોજેક્ટ અંતર્ગત એક યુનિટ દીઠ ધો. 1 થી 4 ધોરણની સપ્તરંગી પ્રવૃત્તિ માટે કેટલા રૂપિયાની ગ્રાન્ટ ફાળવવામાં આવે છે ?

જવાબ : 8000

44. નેશનલ મીન્સ કમ મેરીટ સ્કોલરશીપ (NMMS) પરીક્ષાનું સંચાલન રાજ્ય કક્ષાએથી કઈ કચેરી તરફથી થાય છે ?

જવાબ : રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર

45. પ્રાથમિક શાળાઓના સંદર્ભે BRC → CRC વ્યવસ્થા છે. માધ્યમિક શાળાઓના સંદર્ભે SVS → .............. છે ?

જવાબ : QDC

* એક સી.આર.સી.ની શાળાઓમાં ભણતાં બાળકોની સંખ્યા તથા જે તે ગામનાં 6 થી 14 વર્ષનાં બાળકોની સંખ્યા નીચેના કોષ્ટકમાં આપેલી છે. આ કોષ્ટક પ્રશ્ન નં. 46 થી 50 ના જવાબો આપો.

કોષ્ટક

| School | <6 years | | | >14 years | | | 6-14 years | | | Enrollment | | | Population | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | Boys | Girls | Total | Boys | Girls | Total | Boys | Girls | Total | Boys | Girls | Total | Boys | Girls | Total |
| 1 | 5 | 6 | 11 | 15 | 13 | 28 | 133 | 129 | 262 | 153 | 148 | 301 | 140 | 138 | 278 |
| 2 | 2 | 4 | 6 | 8 | 8 | 16 | 125 | 126 | 251 | 135 | 138 | 273 | 130 | 132 | 262 |
| 3 | 6 | 5 | 11 | 9 | 10 | 19 | 182 | 179 | 361 | 197 | 194 | 391 | 190 | 180 | 370 |
| 4 | 8 | 7 | 15 | 14 | 12 | 26 | 184 | 182 | 366 | 206 | 201 | 407 | 184 | 182 | 366 |
| 5 | 6 | 8 | 14 | 21 | 18 | 39 | 134 | 131 | 265 | 161 | 157 | 318 | 135 | 134 | 269 |
| Total | 27 | 30 | 57 | 67 | 61 | 128 | 758 | 747 | 1505 | 852 | 838 | 1690 | 779 | 766 | 1545 |

46. આ સી.આર.સી.નો જી.ઈ.આર. કેટલો થાય ?

જવાબ : 109

47. આ સી.આર.સી.નો કુમારનો એન.ઈ.આર. કેટલો થાય ?

જવાબ : 97

48. આ સી.આર.સી.માં સૌથી વધુ જી.ઈ.આર. ધરાવતી શાળા કઈ છે ?

જવાબ : શાળા નં. -5

49. આ સી.આર.સી.માં સૌથી ઓછો એન.ઈ.આર. ધરાવતી શાળા કઈ છે ?

જવાબ : શાળા નં. -1

50. નામાંકનની દૃષ્ટિએ સૌથી સારી શાળા કઈ કહેવાય ?

જવાબ : શાળા નં. -4

51. Δ + O = □

□ + □ = Δ Δ Δ Δ Δ Δ Δ

? + O = Δ Δ Δ Δ Δ Δ          તો ? = ..............

જવાબ : □

52. 


ઉપરની આકૃતિને બોક્સના સ્વરૂપમાં વાળવામાં આવે તો નીચેનામાંથી કેવી આકૃતિ બનશે ?

જવાબ : ★ તમામ જવાબ માન્ય

53. એક ટેબલ ઉપર પાંચ પુસ્તકો છે. જેમાં ગણિત અને હિન્દીના પુસ્તકો અંગ્રેજીના પુસ્તકોની ઉપર છે પરંતુ વિજ્ઞાનના પુસ્તકની નીચે છે. ગણિત અને વિજ્ઞાનના પુસ્તકો ગુજરાતીના પુસ્તકની નીચે છે જ્યારે હિન્દીના પુસ્તકની ઉપર છે તો સૌથી ઉપર, વચ્ચે અને નીચે કયા પુસ્તકો હશે ?

જવાબ : ગુજરાતી, ગણિત, અંગ્રેજી

54.  આ આકૃતિમાં કુલ કેટલા ચતુષ્કોણ છે ?

જવાબ : 12

55. ક્રિકેટ ટુર્નામેન્ટના આયોજનમાં પ્રારંભીક મેચ તા.25 જાન્યુઆરી 2012 ના રોજ હતી અને તેની ફાઈનલ મેચ3 માર્ચના રોજ હતી, તો ટુર્નામેન્ટ કુલ કેટલા દિવસ ચાલી હશે ?

જવાબ : 39

56.  આકૃતિની 'દર્પણ આકૃતિ' નીચે પૈકી કઈ હશે ?

જવાબ : 

57. માતા અને દિકરી રક્ષાબંધનના દિવસે તેમના ભાઈઓને રાખડી બાંધવા રાહ જુએ છે. ગાડીમાંથી બે જણ આવ્યા, માતાએ તેના ભાઈને રાખડી બાંધી, દિકરીએ તેના ભાઈને રાખડી બાંધી તો ગાડીમાં આવનાર બન્ને વ્યક્તિ વચ્ચે શું સંબંધ હશે ?

જવાબ : મામા - ભાણેજ

58. 100 મીટરની લંબાઈના ચોરસ જમીનના પ્લોટની કિંમત રૂા. 1,00,000 હોય તો તેમાંથી 50 મીટરની લંબાઈનો ચોરસ પ્લોટ ખરીદવા કેટલી રકમ ચૂકવવી પડે ?

જવાબ : 25,000

59.

| | | |
|---|---|---|
| 8 | 1 | 5 |
| 3 | 6 | 7 |
| 4 | 9 | 2 |

દર્શાવેલ આકૃતિમાં કયા બે અંકો અદલ બદલ કરવામાં આવે તો તેના આડા-ઉભા અને ત્રાંસા ખાનાઓનો સરવાળા સરખા થાય ?

જવાબ : 5, 6

60. RMSA કયા ક્ષેત્ર સાથે સંકળાયેલ અભિયાન છે ?

જવાબ : માધ્યમિક

61. પ્રખરતાશોધ ધોરણ-9 ની પરીક્ષામાં કયા વિષયનો સમાવેશ થતો નથી ?

જવાબ : સામાજિક વિજ્ઞાન

62. નિરંતર શિક્ષણની સંકલ્પનાનો ઉદ્‌ભવ ક્યાંથી થયો હતો ?

જવાબ : અમેરિકા

63. જ્હોન ડ્યૂઈની શિક્ષણ જગતને ઉત્તમ ભેટ કઈ ?

જવાબ : પ્રોજેક્ટ પદ્ધતિ

64. ક્રિયાત્મક સંશોધનનું સૌથી મહત્વનું સોપાન કયું ?

જવાબ : પ્રયોગકાર્યનું અમલીકરણ

65. વર્ષ 1905 માં .............. અને .............. એ બુદ્ધિકસોટીની રચના કરી.

જવાબ : આલ્ફ્રેડ બિને, થિયોડોર સાયમન

66. મનોવલણો .............. હોય છે.

જવાબ : કાયમી

67. .............. એટલે સમષ્ટિનાં અમુક એકમનો ભાગ.

જવાબ : નિદર્શ

68. એક શિક્ષિકા છે જે પોતાના પતિ પર ઘરે ગુસ્સે થયેલ હોય ત્યારે રસ્તામાં મળતા તેના વિદ્યાર્થીઓ સાથેનું તેનુ વર્તન ઉદ્ધતાઈભરેલું હોય છે.

જવાબ : સ્થાનાંતર

69. ફ્રોઈડ પ્રક્ષેપણને એક .............. તરીકે ગણે છે.

જવાબ : બચાવ પ્રયુક્તિ

70. "લીંબુ મીઠા" અને "દ્રાક્ષ ખાટી" આ બચાવ પ્રયુક્તિને .............. કહેવામાં આવે છે.

જવાબ : યૌક્તિકીકરણ

71. ગણિતના નિયમો તારવવા કઈ પદ્ધતિ પ્રયોજાય છે ?

જવાબ : આગમન - નિગમન

72. અભિક્રમિત અધ્યયન સાથે નીચેનામાંથી કોનું નામ સંકળાયેલું છે ?

જવાબ : સ્કીનર

73. "મેં તો સારું જ પેપર લખ્યું હતું પરંતુ મારા સાહેબે બરાબર ચકાસ્યું નહીં એટલે ઓછા ગુણ આવ્યા" - આ વિધાન કઈ બચાવ પ્રયુક્તિ દર્શાવે છે ?

જવાબ : પ્રક્ષેપણ

74. સંકલ્પનાઓનો વિકાસ મુખ્યત્વે કોનો ભાગ છે ?

જવાબ : બૌધ્ધિક વિકાસ

75. 'સસલીબેને સેવ બનાવી સસલો જમવા બેઠો' - આ ગીતનો ઉપયોગ શું શીખવવા માટે કરશો ?

જવાબ : સાત વારનાં નામ

•

## વિભાગ - 2

76. એક ચૂંટણીમાં બે ઉમેદવારને કુલ 24000 વોટ મળ્યા. જીતનાર ઉમેદવારને 60% વોટ મળ્યા હોય તો હારનાર ઉમેદવારને કેટલા વોટ મળ્યા હશે ?

જવાબ : 9600

77. 1 ગ્રોસ = .............. ડઝન = .............. નંગ.

જવાબ : 12, 144

78. 72.817 માં 8 ની સ્થાન કિંમત ..............

જવાબ : $\frac{8}{10}$

79. $11\frac{14}{25}$ નું વર્ગમૂળ કેટલું ?

જવાબ : $3\frac{2}{5}$

80. 0.1 ને 8 વડે ભાગતાં શું જવાબ આવે ?

જવાબ : 0.0125

81. એક ઘન સે.મી. બરાબર કેટલા મિલિલીટર ?

જવાબ : 1 મિલિલીટર

82. P = {x/x એ 2 થી નાની અવિભાજ્ય સંખ્યા, $x \in N$} હોય તો P એ....

જવાબ : ખાલી ગણ છે

83. એક નળાકારનું ઘનફળ મહત્તમ વધારવા કોઈ પણ એક માપમાં એક એકમ ઉમેરવાનો હોય તો તે માટે નીચેના પૈકી શું કરવું જોઈએ ?

જવાબ : ત્રિજ્યામાં એક એકમ ઉમેરવો જોઈએ.

84. ઓર્ડર ચેક અંગે સાચું શું ?

જવાબ : આ ચેક ડિમાન્ડ ડ્રાફ્ટ જેવો છે.

85. ભાગાકારની ક્રિયામાં શેષ અંગે સાચું શું ?

જવાબ : શેષ હંમેશાં ભાજક કરતાં નાની હોય છે.

86. કોઈ એક રકમનું 10% લેખે 2 વર્ષના સાદા વ્યાજ અને ચક્રવૃદ્ધિ વ્યાજનો તફાવત રૂ. 4 હોય તો તે રકમ કઈ હશે ?

જવાબ : 400

87. વિરમભાઈ 12 દિવસમાં એક ખાડો ખોદે છે, રમેશભાઈ તે જ માપનો ખાડો 8 દિવસમાં ખોદે છે, તો બંનેને ભેગા મળી 5 ખાડા ખોદતાં કેટલા દિવસ લાગશે ?

જવાબ : 24 દિવસ

88. માતાની ઉંમર પુત્રની ઉંમરના ત્રણ ગણા કરતાં 8 વર્ષ વધુ છે, પિતાની ઉંમર માતા કરતાં 4 વર્ષ વધુ છે. જો પુત્રની ઉંમર 6 વર્ષ હોય તો પિતાની ઉંમર કેટલી હશે ?

જવાબ : 30 વર્ષ

89. એક વાહન 45 કિ.મી./કલાક અને બીજુ વાહન 50 કિ.મી./કલાકની ઝડપે એક જ દિશામાં જાય છે, તો 2 દિવસને અંતે બંને વચ્ચે કેટલું અંતર હશે ?

જવાબ : 240 કિ.મી.

90. એક સંખ્યા 123A567 ને 11 વડે નિઃશેષ ભાગી શકાય છે તો A ની કીંમત કેટલી હશે ?

જવાબ : 8

91. He has been playing ............... tea break.

જવાબ : since

92. Give the plural from the 'leaf'

જવાબ : leaves

93. Sit here ............... I come back.

જવાબ : until

94. Find out the most nearly word the opposite in meaning of the word given kindliness.

જવાબ : cruelty

95. Generally honesty ............... from the heart.

જવાબ : comes

96. I found my lost mobile phone when I ............... in the staff room.

જવાબ : entered

97. I saw a man and a woman in AGORA MALL yesterday. ............... man was fat and short. The woman was slim and tall.

જવાબ : The

98. Nayana won't marry ............... she finds someone rich and handsome.

જવાબ : until

99. Select the combination of numbers so that letters arranged accordingly will form a meaningful word.

G T A E N M

1 2 3 4 5 6

જવાબ : 6 3 1 5 4 2

100. 'દાણાદાર' માટે અંગ્રેજીમાં નીચે પૈકી કયો શબ્દ પસંદ કરી શકાય ?

જવાબ : granular

101. Choose the correct sentence.

જવાબ : The shadow follows the child everywhere.

102. નીચેનામાંથી કયો શબ્દ જોડણીની દૃષ્ટિએ સાચો છે ?

જવાબ : Miscellaneous

103. Identify the assertive sentence.

જવાબ : The flowers are very colourful.

104. Choose the past participle of 'to go'.

જવાબ : gone

105. Select odd one from the following ..............

જવાબ : Ball

106. 'ચા'ના ઉત્પાદનમાં ભારત વિશ્વમાં કયા ક્રમે આવે છે ?

જવાબ : પ્રથમ તથા બીજા બંને જવાબ માન્ય

107. હિન્દ મહાસાગરનો સૌથી મોટો દ્વીપ કયો ?

જવાબ : મડાગાસ્કર

108. ભારતમાં સૌ પ્રથમ રેલવે ઈ.સ. 1853 માં કયા વિસ્તારમાં શરૂ થઈ હતી ?

જવાબ : મુંબઈથી થાણા

109. .............. 1857 ના વિપ્લવમાં જોડાયેલા ન હતા.

જવાબ : હર્ષવર્ધન

110. નીચેનામાંથી કયું કાગળ ઉદ્યોગનું કેન્દ્ર છે ?

જવાબ : ટીટા ઘર

111. રાજા હર્ષવર્ધનના દરબારમાં કયા કવિ હતા ?

જવાબ : બાણભટ્ટ

112. ભારતના બંધારણ વિશે નીચેના પૈકી કઈ બાબત સાચી નથી ?

જવાબ : ★ તમામ જવાબ માન્ય

113. જંતુનાશક દવાઓ, વાર્નિશ, કાચ, છાપકામ વગેરે ઉદ્યોગમાં કયું ખનીજ વપરાય છે ?

જવાબ : મેંગેનીઝ

114. ગુપ્તવંશમાં થઈ ગયેલ પ્રખર ગણિતશાસ્ત્રીનું નામ શું હતું ?

જવાબ : વરાહમિહિર તથા આર્યભટ્ટ બંને જવાબ માન્ય

115. 'કરેંગે યા મરેંગે' સૂત્ર ગાંધીજીએ કઈ લડતમાં આપ્યું ?

જવાબ : હિંદ છોડો

116. પૃથ્વીની વાર્ષિક ગતિ એટલે ..............

જવાબ : પરિક્રમણ ગતિ

117. પ્રકાશવર્ષ એટલે ?

જવાબ : પ્રકાશના કિરણોએ એકવર્ષમાં કાપેલ અંતર

118. બ્રેડ બિસ્કીટ અને કેક બનાવવા માટે કેવા પ્રકારની ફૂગ ઉપયોગી છે ?

જવાબ : યીસ્ટ

119. 'બેરીબેરી' કયા વિટામીનની ઉણપથી થાય છે ?

જવાબ : બી

120. ઈલેક્ટ્રીક વાયરનું રેણ (સોલ્ડરિંગ) કરવામાં કઈ મિશ્રધાતુ વપરાય છે ?

જવાબ : લેડ + ટીન

121. એક અંતર્ગોળ લેન્સની કેન્દ્રલંબાઈ20 સે.મી. છે. વસ્તુને લેન્સથી કેટલા અંતરે મૂકવાથી તેનું પ્રતિબિંબ લેન્સથી10 સે.મી. દૂર રચાય ?

જવાબ : 20 સે.મી.

122. કરોડરજ્જુ ક્યાંથી ઉત્પન્ન થાય છે ?

જવાબ : લંબમજ્જા

123. સ્નેલનો નિયમ શાના માટે છે ?

જવાબ : પ્રકાશનું વક્રીભવન

124. મનુષ્યના હૃદયમાં ત્રિદલ વાલ્વ ક્યાં જોવા મળે છે ?

જવાબ : જમણા કર્ણક અને જમણા ક્ષેપક વચ્ચે

125. મૃગ તારાજૂથ કયા સમયગાળા દરમિયાન આકાશમાં દેખાય છે ?

જવાબ : ડિસેમ્બરથી ફેબ્રુઆરી

126. "એક જ દે ચિનગારી" - પ્રાર્થનાની રચના કોણે કરી છે ?

જવાબ : હરિહર પ્રાણશંકર ભટ્ટ

127. 'ઈર્શાદ' ઉપનામ ધારણ કરનાર.

જવાબ : ચીનુ મોદી

128. 'HTAT પરીક્ષામાં વાંચશો તો પાસ થશો.' - વાક્યમાં 'તો' શું છે ?

જવાબ : સંયોજક અને નિપાત બંને જવાબ માન્ય

129. સાચી જોડણી કઈ છે ?

જવાબ : ઊર્ધ્વગામી

130. આજે એક તજજ્ઞ આવ્યા હતા. .............. કહ્યું કે બાળકો .............. છોડ જેવાં છે. શિક્ષકે માળીની જેમ .............. જતન કરવાનું છે.

જવાબ : તેમણે, કુમળા, તેમનું

131. બાળકોનું આ કામ મારે અવશ્ય કરી આપવું પડશે. આ વાક્યમાં 'અવશ્ય' કયું વિશેષણ છે ?

જવાબ : અભિગમવાચક ક્રિયાવિશેષણ

132. નીચેનામાંથી જુદો પડતો શબ્દ કયો છે ?

જવાબ : પાણિ

133. 'રખે ભાણેજ ન મરે કૃષ્ણ કીધો વિચાર' : અલંકાર ઓળખાવો.

જવાબ : ઉત્પ્રેક્ષા

134. 'બોલે તેના બોર વેચાય'ની સમાનાર્થી કહેવત કઈ છે ?

જવાબ : માગ્યા વિના મા પણ ન પીરસે

135. 'ગલ્લાં તલ્લાં' કેવો શબ્દ છે ?

જવાબ : દ્વિરુક્ત

136. भाववाचक संज्ञा बताईये.

જવાબ : वात्सल्य

137. अनुलेखन का मुख्य उद्देश्य क्या है ?

જવાબ : वर्णसुधार

138. 'श' का उच्चारण .............. है।

જવાબ : तालव्य

139. 'इदगाह' किस लेखक की अमर कहानी है ?

જવાબ : प्रेमचंद

140. 'विपन्न' शब्द का अर्थ –

જવાબ : संकटग्रस्त

141. સાત વાગીને ત્રીસ મિનિટ વાક્યને સંસ્કૃતમાં કઈ રીતે લખાય ?

જવાબ : सार्धसप्तवादनम्

142. કીડીને સંસ્કૃતમાં શું કહેવાય ?

જવાબ : पिपीलिका

143. આપેલાં વાક્યોમાંથી સાચું વાક્ય કયું છે ?

(अ) – सुधा वृक्षाय जलं ददाति ।

(ब) – सुधा जलेन वृक्षं सिञ्चति ।

જવાબ : (अ) સાચું છે.

144. .............. माता पुत्रं अभाषत ।

જવાબ : कुपिता

145. बालः फलं ददाति । - વાક્યનું બહુવચન શું થશે ?

જવાબ : बालाः फलानि ददति ।

146. વોલીબોલમાં અવેજીની સંખ્યા કેટલી હોય છે ?

જવાબ : 6

147. કબડ્ડીના મેદાનનું માપ કેટલું હોય છે ?

જવાબ : 12.5 મીટર લાંબુ 10 મીટર પહોળું

જવાબ : 15.5 મીટર લાંબુ અને 6 મીટર પહોળું

148. માઉસના ઉપયોગ વગર વર્ડ ડોક્યુમેન્ટમાંના લખાણની કોઈ એક લાઈનને ઘાટું કરવા તેમજ તેની નીચે લાઈન કરવા માટે નીચેના પૈકી કયો કમાન્ડ ઉપયોગી થાય ?

જવાબ : કન્ટ્રોલ બી, કન્ટ્રોલ યુ

149. એક્સેલ ફાઈલમાં આપેલ પાંચ કોલમ પાંચ હારના કોઠાના કોઈ એક કોલમનો સરવાળો કરવા માટે કઈ ફોર્મ્યુલા સાચી છે ?

જવાબ : =Sum(C1:C5)

150. જગવિખ્યાત ચિત્ર - 'મોનાલીસા'ના ચિત્રકાર કોણ છે ?

જવાબ : લિયોનાર્ડો ડા વિન્સી

• • •